સીવીયર એક્યુટ રેસ્પીરેટરી ટ્રેક ઇન્ફેકશન (SARI) ના કેસોના રીપોર્ટીંગ સેમ્પલ કલેક્શન તેમજ એક્ટીવ સર્વેલન્સ Dr. TeCHO એપલીકેશન મારફતે કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ક્રમાંક :એન.સી.વી.-૧૦૨૦૨૦-૨૫૬-ગ
સચિવાલય ગાંધીનગર.
તા.૨૭/03/૨૦૨૦

પરિપત્ર:-

કોરોના વાયરસ COVID-19 ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંક એનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩/03/૨૦૨૦ ના જાહેરનામાથી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" લાગુ કરવામાં આવેલ છે.

વિભાગના તા.૨૩/03/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક:- ૧૪/એનસીવી/૧૦૨૦૨૦/એસ.એફ.એસ.૧/ગ થી Severe Acute Respiratory Infections (SARI) ના કેસોના સેમ્પલ કલેક્શન, રીપોર્ટીંગ તેમજ એક્ટીવ સર્વેલન્સ બાબતે જરૂરી કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરીની વિગતો Dr. TeCHO એપલીકેશન મારફતે નામ આધારીત માહિતી સહ અપલોડ કરી કામગીરી હાથ ધરવાનું પરિપત્રિત કરવામાં આવે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા Dr.TeCHO એપ્લીકેશન તૈયાર કરવામાં આવેલ છે જે Android અને iPhoneમાં ઉપલબ્ધ છે.પ્રાઇવેટ દવાખાના તથા હોસ્પિટલમાં Dr TeCHO એપ્લિકેશનના ઉપયોગ દ્વારા COVID-19 ના શંકાજનક કેસોના રીપોર્ટીંગ કરવાનું રહેશે. Dr TeCHO એપ્લિકેશન google play store અથવા એપલ સ્ટોર પરથી ડાઉનલોડ કરી સેલ્ફ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને ત્યારબાદ તમામ શંકાસ્પદ દર્દીઓની માહિતી ઓનલાઈન કરવાની રહેશે.

રીજનલ લેવલે વિભાગીય નાયબ નિયામકશ્રી, જિલ્લા કક્ષાએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, અને મુખ્ય જિલ્લા તબીબી અધિકારી, કોર્પોરેશન વિસ્તારમાં મેડીકલ ઑફીસર ઑફ હેલ્થશ્રીએ તમામ પ્રાઇવેટ ડોક્ટર તથા હોસ્પિટલ/દવાખાના દ્વારા Dr TeCHO એપ્લિકેશનનો ઉપયોગ થાય તે જોવાનું રહેશે. Dr TeCHO એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં કોઈ પણ પ્રશ્ન હોય તો techo@ gujarat.gov.in નો સંપર્ક કરવાનો રહેશે.

COVID-19ના દર્દીની સારવાર ભારત સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીની વખતો વખતની ગાઈડલાઈન અનુસાર કરવાની રહેશે. આ પરિપત્રના ભંગ બદલ સંબંધિતોની સામે "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" અન્વયે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.કુરેશી)
સંયુક્ત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીનાઅગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન,રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય),કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ અધિક નિયામકશ્રી, કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, આ બાબતની રાજ્યમાં બહોળી પ્રસિધ્ધિ અર્થે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ